વાહન વ્યવહાર કમિશનરની
કચેરી
બ્લોક નં.-૬, બીજો માળ, ડૉ. જીવરાજ
મહેતા ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

Azadi Ka Amrit Mahotsav

પ્રતિ,
પ્રાદેશિક/સહાયક વાહન વ્યવહાર અધિકારીશ્રી,
પ્રાદેશિક/સહાયક વાહન વ્યવહાર કચેરી,
તમામ.

વિષય:સરનામાના પુરાવા તરીકે માન્ય દ્સ્તાવેજો બાબત.

તા.૧૭/૦૬/૨૦૨૩ના પરિપત્રથી રજીસ્ટ્રેશન પધ્ધતિમાં સરળતા અર્થે વિવિધ સુચનાઓ આપવામાં આવેલ છે.આ પરિપત્રના અમલીકરણ બાબતે સરનામાના પુરાવા બાબતે અને ખાસ કરીને ભાડા કરાર બાબતે અધિકૃત ડીલરો,ટ્રાન્સપોર્ટરો,વાહન માલિકો તથા તાબાની કચેરીઓ દ્વારા વારંવાર પૃચ્છા કરવામાં આવતી હોય છે.આ પરિસ્થિતિમાં સ્પષ્ટતા અર્થે નીચે મુજબ સુચના આપવામાં આવે છે.

કેન્દ્રીય મોટર વાહન નિયમો-૧૯૮૯ના નિયમ-૪ તથા નિયમ-૪૭ (1)(E) મુજબના દ્સ્તાવેજો વાહનની નોંધણીના હેતું માટે રહેઠાણ અથવા વ્યવસાયના સ્થળના પુરાવા તરીકે માન્ય કરવામાં આવેલ છે.

કેન્દ્રીય મોટર વાહન નિયમો-૧૯૮૯ના નિયમ-૪માં દ્સ્તાવેજોની એક યાદી આપવામાં આવેલ છે.નિયમ(૪)માં યાદીની નીચે આપેલા પ્રોવાઇઝોની જોગવાઇ પ્રમાણે જો અરજદાર આ નિયમમાં ક્રમ નં ૧થી ૧૨ સુધીમાં ઉલેખિત પુરાવાઓ રજુ કરવા અસમર્થ હોય તેવા કિસ્સામાં નોટરી પબ્લીક અથવા તો એક્ઝ્યુક્યુટીવ મેજીસ્ટ્રેટ અથવા ફર્સ્ટ ક્લાસ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સમક્ષ કરવામાં આવેલ એફેડેવીટ પર રજુ કરવામાં આવશે તો તે પુરાવાને માન્ય ગણી શકાશે.

જેથી, ઉક્ત જોગવાઈના અનુસંધાને જણાવવાનું કે કોઈ અરજદાર/**FIRM**/**COMPANY**/સંસ્થા નોટરી પબ્લીક અથવા એક્ઝ્યુક્યુટીવ મેજીસ્ટ્રેટ અથવા ફર્સ્ટ ક્લાસ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સમક્ષ કરવામાં આવેલ સોગંદનામા પર જણાવે કે નિયમ-૪માં દર્શાવેલ દસ્તાવેજની યાદી મુજબના કોઈ દસ્તાવેજ રહેઠાણ અથવા વ્યવસાયના પુરાવા તરીકે ઉપલબ્ધ નથી અને સોગંદનામા પર દર્શાવેલ સરનામું તેઓના રહેઠાણ અથવા વ્યવસાયનું સરનામુ છે તો તેને નિયમ-૪ના પ્રોવાઈઝો મુજબ માન્યગણી શકાશે. વધુમાં અરજદાર/ **FIRM**/**COMPANY** નિયમ-૪ના પ્રોવાઈઝો હેઠળ કરવામાં આવેલ સોગંદનામા સાથે વધારાના સરનામાના પુરાવા તરીકે પ્રોપર્ટીનો રજીસ્ટર્ડ દસ્તાવેજ, પોલીસ વેરીફિકેશન સાથેનો નોટોરાઇઝ ભાડા કરાર, **GST** રજીસ્ટ્રેશન સર્ટીફિકેટ, લાઇટબીલ, પાઇપ ગેસ બીલ, મ્યુનિસિપલ પ્રોપર્ટી વેરાનું બીલ, **Shop Act Registration Certificate** , પ્રોપર્ટી કાર્ડ વગેરે પણ રજુ કરી શકાશે.

ઉક્ત જોગવાઈનું તમામ આર.ટી.ઓ/એ.આર.ટી.ઓ કચેરીએ નોંધ લેવાં તથા આપના કાર્યક્ષેત્રમાં આવતા તમામ અધિકૃત ડીલરને જાણ કરવા આથી સૂચના આપવામાં આવે છે.

**(નોંધ પર માન.કમિશ્નરશ્રીના આદેશ અનુસાર)**

AKHIL GUJARAT TRUCK TRANSPORT ASSOCIATION AHMEDABAD

નાયબ નિયામક
વાહન વ્યવહાર કમિશનરની કચેરી
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

<u>નકલ રવાના:</u>

પ્રમુખશ્રી ફેડરેશન ઓફ ઑટોમોબાઇલ ડીલર્સ એસોશિએશન

Signature Not Verified
Signed by: Vinita Yadav
I/C Deputy Director
Date: 2023.10.17
11:30:57 +05:30



CamScanner